PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૨/કવા–૦૪/૧૭–૧૮/ 3231 તા. 19-04-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
મગનભાઈ મોહનભાઈ સરડવા,
ગામ: સરવડ
તા. માળીયા (મી.)
જી: મોરબી
મો: ૯૯૧૩૪ ૪૨૧૯૬

**વિષય :–ઘરવપરાશ વીજ જોડાણ ને ચાલુ બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. નીલ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૩૨/કવા–૦૪/૧૭–૧૮ )**

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

**નકલ રવાના :**
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી મોરબી
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, મોરબી
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, દહિસરા (મોટા)

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)


પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com


| કેસ નં. : સીજીઆરએફ : ૩૨/કવા–૦૪/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૧૦–૦૪–૧૮ | સ્થળ : મોરબી |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: મગનભાઈ મોહનભાઈ સરડવા, ગામ: સરવડ**

**રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ ન હતા.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : – કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, મોરબી**

**રજુઆત કરનાર :આર.પી. ભટ્ટ – નાયબ ઈજનેર (ટેક) વિભાગીય કચેરી, મોરબી**

## : હુકમ :

**ફરીયાદ : ઘરવપરાશ વીજ જોડાણ ને ચાલુ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ ગામ: મોટાદહીસરા ના વીજગ્રાહક શ્રી મગન મોહન સરડવા નુ ઘરવપરાશ નુ વીજજોડાણ ગ્રાહક નંબર: ૩૩૩૬૯/૦૦૮૧૪/૪ ધરાવતા હતા. શ્રી મગન મોહન સરડવા નુ સદર કનેકશન નુ મીટર પીજીવીસીએલ તરફથી કોઈ પણ પ્રકાર ની આગવી નોટીસ આપ્યા વિના તા. ૦૨–૦૮–૧૪ ના રોજ સ્થળ પર થી ઉતારી ગયેલ છે. ત્યારબાદ, અનેક વખત અરજી કરતા – તેઓનુ વીજ જોડાણ ચાલુ કરવામા આવતુ નથી. શ્રી રમેશભાઈ ભીખાભાઈ નુ બીલ બાકી હોય – તેથી તેમનુ જોડાણ ઉતારી લેવામા આવેલ છે. તેઓએ તેમનુ મકાન અન્ય પાસેથી વર્ષ – ૨૦૧૦ મા લીધેલુ છે. તેઓને રમેશભાઈ ભીખાભાઈ સાથે કોઈપણ નિસબત ન હોવા છતા, રમેશભાઈ ભીખાભાઈ નુ લેણુ તેમના મકાન પર ચડાવી દેવામા આવેલ છે. આમ, તેઓનુ વીજ જોડાણ પુન: ચાલુ કરવા બાબતે – અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | • અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, મોટાદહીસરા પેટા વિભાગીય કચેરી હેઠળ ના સરવડ ગામ મા – શ્રી મગન મોહન સરડવા ના ઘરવપરાશ ના વીજજોડાણ ગ્રાહક નંબર: ૩૩૩૬૯/૦૦૮૧૪/૪ – માહે એપ્રીલ –૧૦ થી અપાયેલ હતુ. ત્યારબાદ, અરજદાર ની મુદદા નં.૧.૧ મુજબ ની વિગતે ની રજુઆત મુજબ – મીટર તા.૦૨–૦૮–૧૪ ના રોજ ઉતારી લેવામા આવેલ હતુ.<br>• અરજદાર ની ફરીયાદ અન્વયે – સ્થળ રોજકામ કરતા – અરજદાર ને જે જગ્યા એ વીજ જોડાણ અપાયેલ હતુ, તે જગ્યા પર પીજીવીસીએલ કંપની નુ બાકી લેણુ ધ્યાન મા આવતા – જે તે વખતે સ્થળ પરથી વીજ મીટર ઉતારી લેવામા આવેલ હતુ.<br>• અરજદાર દ્વારા અગાઉ – આ જ બાબતે – ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર મા અરજી કરાયેલ – જેના સંદર્ભમા ફોરમ દ્વારા કરાયેલ નિર્ણય મુજબ – સદર અરજદાર ને પત્ર નં.: પીજીવીસીએલ / સીજીઆરએફ / ૭૧/કવા–૦૩/૧૩–૧૪/૬૭૨૨ તા.૧૭–૦૭–૧૫ થી જાણકારી અપાયેલ છે, જેમા પણ – અરજદાર ના ઘરવપરાશ વીજજોડાણ ના – વીજવપરાશ ની જગ્યા પર – પીજીવીસીએલ ની બાકી લેણી રકમ હોય – જે ભરપાઈ થયા બાદ જ – ફરીયાદી અરજદાર સદર જમીન પર – નવુ વીજ જોડાણ મેળવી શકે છે, તે મુજબ ની જાણકારી અપાયેલ હતી.<br>• આમ, ઉપરોક્ત હકીકતે અરજદાર ની રજુઆત મુજબ ની અરજી ગ્રાહય રાખી શકાય નહી. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩.૧ | અરજદાર શ્રી ની સવાલવાળી મુદદા નં. ૧.૧ મુજબ ની ફરીયાદ અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ અહેવાલ ના મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી મગનભાઈ મોહનભાઈ સરડવા દ્વારા – અગાઉ પણ સદર બાબતે અરજી – ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર મા કરેલ હતી, જે અન્વયે – ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર દ્વારા – અપાયેલ ન્યાયિક નિર્ણય મુજબ – પીજીવીસીએલ ની બાકી લેણી રકમ વાળા સ્થળ પર, નવુ જોડાણ આપી શકાય નહી, તેમજ આ જગ્યા પર કોઈ જોડાણ વીજવપરાશી હૈયાત / ચાલુ જણાય તો, તે જોડાણ રદબાતલ થવાને પાત્ર છે. આ બાબત નામદાર જીઈઆરસી પ્રારીત ધોરણ અન્વયે ની હોય,પીજીવીસીએલ ના પ્રર્વતમાન નિયમ અંતર્ગત ની છે. જેથી, ફોરમ સમક્ષ ના અરજદાર શ્રી મગનભાઈ મોહનભાઈ સરડવા ની, ફોરમ સમક્ષ ની સવાલવાળી અરજી મા કરાયેલ, તેમના ઘરવપરાશ વીજજોડાણ ને પુનઃ ચાલુ કરવાની અરજી, અત્રે ના ફોરમ કક્ષાએથી ગ્રાહય રાખી શકાય નહી. તેમ છતા, ફરીયાદી ના સવાલવાળા રદબાતલ થયેલ ઘરવપરાશ જોડાણ ની જગ્યા પર ની પીજીવીસીએલ ની બાકી લેણી કુલ રકમ, પીજીવીસીએલ મા ભરપાઈ થયા બાદ જ, ફરીયાદી અરજદાર સદર જમીન પર નવુ વીજજોડાણ મેળવી શકે છે.તેમ, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. તેમજ, અરજદાર શ્રી ને સદર બાબતે જાણકારી હોવા છતા – ફરીથી ફોરમમાં અરજી દાખલ કરેલ હોય – જેથી ભવિષ્યમા ફોરમ નો સમય ન વેડફાય તે બાબત ની ગંભીરતા રાખવા માટે – અરજદાર શ્રી ને ખાસ તાકીદ કરવામા આવે છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે ની – સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી, તે મુજબ ની બન્ને પક્ષકારો ને અત્રે ના ફોરમ તરફથી જાણકારી આપવામા આવેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.